

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'નોટબંધી' સલાહમાં 'એ' ખોટા ભેરવાઈ ગયા!*
*એટલી નથી જેટલીમાં, ખોટા ભરમાઈ ગયા!*
*થોથવાઈ જાય છે જીભ હવે બચાવ કરીને -*
*ખાઈ ગયા ગોથું, અર્થશાસ્ત્રીઓ ગૂંચવાઈ ગયા!*

હાઈકુ

*ધોવાતી નથી,*
*લાખો પ્રયત્ન છતાં*
*પટોળે ભાત...*
*(હિંદુત્વ - મહારાજ)*

*ઘોંચપરોણે -*
*હવે થ્યાં 'મુલાયમ,'*
*કાકા, 'ભત્રીજા'*
*(સ્વમાન ચિંતા)*

## ચિંતન

***લુલાયે ગોમાયૌ મૃગપરિષદિ શ્વાપદકુલે કરિષ્યન્કાર્યણ્ય કિમિહ મહિમાનં ગમયસિ ।***
***નિમગ્નઃ પંકઅસ્મિન્ન અનુભવ કરીન્દ્રાધિપદશા પ્રભદ્રં ભદ્રંવા વિધિલિખિતમુન્મલયતિ કઃ ॥***

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'નશીબનો મહિમા'માંથી આ શ્લોક છે : કાદવના કળણમાં ખૂંપેલા હાથીને ઉદ્દેશીને કહેવામાં આવે છે :

'હે હાથી! તું કાદવમાં ખૂંપેલો છે તેથી જો પાડા શિયાળ, બગલા - કે મૃગલાંનાં ટોળાં કે અન્ય શિકારી પ્રાણીઓની વચ્ચે રહીને દૈન્ત બનાવીશ (લાચારી વ્યક્ત કરીશ) તો તેઓ તારો કયો મહિમા વધશે - અર્થાત્ તારું સારું નહીં લાગે. માટે તું તો મોટો ગજરાજ જ છો એવા મનથી મક્કમ અનુભવ કર - કારણ કે નશીબમાં જે સારું કે સરસું થવાનું છે તે તો તારે ભોગવવાનું જ છે તેમાંથી તમે કોણ બચાવી શકે?'

માણસને થોડીક તકલીફ-આપત્તિ-બિમારી આવી પડે એમાં ઢીલા ઢફ થઈ બધા પાસે રોદડાં રડવા લાગે છે એ યોગ્ય નથી. કોઈ પણ આપત્તિનો સામનો હિંમતભેર, સ્વમાન અને ગૌરવ સાચવીને મક્કમતા પૂર્ણ કરવો જ જોઈએ.

## સુવિચાર

- નિર્ધનકા ત્યારે જ અપમાનજનક ગણાય, જયારે તેનું કારણ આળશ, શરાબ, ખોટા ખર્ચા અને મૂર્ખતા હોય - **પ્લુટાર્ક**
- શાંતિ તરફ જવાનો માર્ગ સદ્ગુણોમાંથી પસાર થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક નવો દિવસ ગઈકાલનો શિક્ષક છે - **મેક્સિકન કહેવત**
- જવલ્લે જ કોઈ ધનવાન માણસ સાચા મિત્ર અને ખુશામતિયાનો ભેદ પારખી શકે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- મૌન એ શાણપણની સર્વોત્તમ સાબિતી છે - **જનકલ્યાણ**
- ભલાઈ કરવી એ કર્તવ્ય નહિ, આનંદ છે, કારણ કે તમારા સ્વાસ્થ્ય અને સુખની વૃદ્ધિ કરે છે - **અષો જરથુષ્ટ્ર**
- આજનું ઔષધ : અષાઢ મહિને જે સૂંઠ ખાય, તેને કદી રોગ ન થાય। **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આપણી પ્રાર્થના એટલે માગણીઓની યાદી ભગવાન ને પ્રાર્થના કે વિનંતીના ભાવમાં આપણે છૂપા આદેશો જ આપતા હોઈએ છીએ - એણે આપણા માટે શું વિચાર્યું - નિર્ધાર્યું છે એના વિચાર કર્યા વિના તદ્દન ક્ષુલ્લક - નજીવી માગણીઓ મૂકીએ છીએ - ભગવાન શાંતિથી સાંભલી લે છે. બાકી એને જે કરવું હોય તે જ કરે છે.

ભારતના મહાન વૈજ્ઞાનિક ગેજ્યુએટ થઈ ગયા પછી 'પાયલોટ' થવાની ઈચ્છાથી દહેરાદૂન ગયા. અરજી કરી - ઈન્ટરવ્યુ આપ્યો આઠ ને જ લેવાના હતા. અબ્દુલ કલામ સાહેબનો ક્રમ નંબર 'નવ' આવ્યો. એક નંબર માટે રહી ગયા. ખૂબ દુઃખી થવા - ઉદાસી દૂર થતી ન હતી. હરિદ્વાર ગંગાકાંઠે વિચારમગ્ન બેઠા હતા. ત્યાં સંતે તેમને ઉદાસીનું કારણ પૂછ્યું, કલામ સાહેબ આખી વાત કરી અંતે કહ્યું - શું ભગવાને મને અન્યાય નથી કર્યો?

સંતે સ્મિત સાથે કહ્યુ, ના, જરા પણ નહીં ઈશ્વરની ઈચ્છા તને 'પાયલોટ'થી પણ ઊંચે લઈ જવાની હશે...' અને અબ્દુલ કલામ જયારે રાષ્ટ્રપતિ થઈ ત્રણે પાંખના વડા થયા ત્યારે એ સંતના શબ્દો યાદ આવ્યા....

# સંવેદનશીલ વિશ્વનાયકની વિદાયવેળાએ

યુનાઈડેટ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિ પદેથી નિવૃત્ત થતી વખતે પ્રેસિડેન્ટ બહાક હુસેન ઓબામા ગળગળા થઈ ગયા. વિદાય-ભાષણ કરતાં ઓબામાની આંખો છલકાઈ ગઈ તે સૂચવે છે કે દુનિયાની જવાબદારી કરતા રહેલા રાષ્ટ્રનો વડો પણ આખરે તો માણસ જેવો માણસ જ હોય છે. એને પણ માનવસહજ સંવેદના હોય છે બલકે માણસ એના નસીબજોગે કે પુરુષાર્થથી ગમે તેટલા મોટા પર પર પહોંચે તો પણ એ આખરે રહે છે તો એક પરિવારનો જ સદસ્ય. ઓબામાએ રાષ્ટ્રપતિ પદે પૂરાં આઠ વર્ષ્ અર્થાત્ બે ટર્મ વ્હાઈટ હાઉસમાં ગાળ્યાં છે. એમના માટે જ નહીં બલકે દુનિયા આખી માટે એક ઐતિહાસિક ગણી શકાય એવી ઘટના હવે સમાપ્ત થઈ ગઈ છે. અમેરિકાના ઈતિહાસમાં આજપર્યંત કોઈ બ્લૅક પ્રેસિડેન્ટ પહેલી જ વાર ચૂંટાયો અને ત્યાંની પ્રજાએ ઉમળકાભેર એની કદર કરીને બીજી ટર્મ પણ આપી. આ કોઈ સામૌન્ય ઘટના ન હતી. વિશ્વની લોકશાહીની આ સીમાચિહ્ન રૂપ ઘટના હતી. જે દેશમાં ગોરા લોકો કાળાઓને ગુલામ તરીકે પશુથી પણ બદતર હાલતમાં રાખતા આવેલા, એ જ ગોરાઓની સમકાલીન પેઢીએ ડેમોક્રેટ ઉમેદવાર તરીકે ભૂતપૂર્વ લોકપ્રિય રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટનનાં રૂપાળાં પત્નીની સામે ઓબામા જેવા અર્ધમુસ્લિમ કાળા ઉમેદવારની પસંદગી કરી હતી એટલું જ નહીં, એમની સામે રિપબ્લિકન ગોરા ઉમેદવારને કારણો પરાજય પણ આપ્યો હતો. જો કે ઓબામાની હાર્દિક અપીલ છતાં એ જ હિલેરી ક્લિન્ટન એમના અનુગામી પ્રેસિડેન્ટ તરીકે ન ચૂંટાઈ શક્યાં તે અમેરિકાનો આગવો મિજાજ દર્શાવે છે. બે ટર્મ માટે સતત ચૂંટાયેલા આ મેધાવી રાષ્ટ્રપતિએ એવી તો કામગીરી બજાવી કે એમના કાર્યકાળ દરમિયાન જ એમને વિશ્વશાંતિનું નૉબેલ ઈનામ એનાયત થયું હતું.

વિશ્વ જયારે આતંકવાદના ભરડામાં આવી ગયું છે ત્યારે મહાસત્તાના મોભી તરીકે છાજે એવાં સંયત પગલાં લઈ દાખલો બેસાડ્યો હતો. ઓબામાની આ યાદગાર કાર્યવાહી ઈતિહાસનાં પાનાં પર અંકાયેલી છે. શત્રુ રાષ્ટ્રો સાથે પણ ઓબમાએ મૈત્રીપૂર્ણ હાથ લંબાવીને નવો જ ચીલો ચાતર્યો હતો અને ઊભરતી મહાસત્તા સમા ભારતને પણ એમને ઉમળકાભર્યો આવકાર આપી વિશ્વકક્ષાએ એની મહત્તાનો પુરસ્કાર કર્યો હતો. જે નરેન્દ્ર મોદીને ગોધરાકાંડ પછી નરસંહાર માટે જવાબદાર ગણી એમના પુરોગામી વહીવટીતંત્રે પ્રવેશબંધી ફરમાવી હતી, એમને ભારતના સૌથી લોકપ્રિય રાષ્ટ્રીય

**તંત્રીસ્થાનેથી...**

નેતા તરીકે ઊપસતા જોઈ ઓબામાએ આશ્ચર્યકારક લાગે એવો સદ્ભાવ દાખવી વારંવાર એમની પ્રશંસા કરી હતી અને એમનું નિમંત્રણ સ્વીકારીને ભારતની મહેમાનગતી પણ માણી હતી. ઓબામાએ અમેરિકાએ નષ્ટભ્રષ્ટ કરેલ જાપાનના હિરોશિમા નગરની મુલાકાત લઈને પણ દાખલો બેસાડ્યો હતો. ઓબામાં રહેલી આ રાજકીય કુનેહની ભારત સહિત તમામ દેશોએ નોંધ લીધી હતી. પરંતુ આ તમામ બાબતોથી ચડિયાતું છે ઓબામાનું પર્સનલ લાઈફ. તેઓએ વિદાય ભાષણમાં અમેરિકાની લોકશાહી સામે ઊભા થયેલા ટ્રમ્પ બ્રાન્ડ પડકાર વચ્ચે પોતાની પ્રિય જીવનસંગિની અને બેઉ દીકરીઓને વહાલથી યાદ કરી એમનામાં ધબકતા વત્સલ ગૃહસ્થની પ્રતીતિ કરાવી છે. આપણા રાષ્ટ્રીય નેતાઓ ઘર-પરિવારથી અળગા રહેવામાં શ્રેય સમજે છે ત્યારે વિશ્વની મહાસત્તાનો નિવૃત્ત થતો લોકનાયક સમસ્ત સત્તાની આભા વચ્ચે પરિવારને યાદ કરીને ગદ્ગદ થતો હોય તો એમાંથી દુનિયાને જરૂર માનવીય સંવેદનાનો મૅસેજ મળવો જોઈએ.

અલવિદા ઓબામા!

# એક અક્ષરનું આશ્ચર્ય



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અહીં કેટલાક શબ્દો આપેલા છે. એના અર્થો અનેક હોય છે, પરંતુ એ પોતે એક અક્ષરનાં છે.

(૧) અ = વિષ્ણુ, શિવ, બ્રહ્મા, વાયુ. આ = લક્ષ્મી, ઈ = કામદેવ, જવું, નજીક આવવું, વીતાવળું, યાદ રાખવું, ઈ = ચમકવું, ચાહવું, ફેંકવું, વિનંતીકરનારો, વાયુ, હવા, પાંદડું, ઈંડુ. કરવી, ફેલાઈ જવું, ઉ = શિવ, ઊ = ચન્દ્ર, ઋ = જવું, ઉઠાવવું, બોલાવવું, હાલવું, મેળવવું, પ્રહાર કરવો, ફેંકવું, રાખવું, સોંપવું, ૠ, ભૈરવ, એક રાક્ષસનું નામ, ઐ = શિવ.

(૨) ક્ષ = નાશ, હાનિ, અદશ્ય, વીજળી, ખેતર, ખેડૂત, નૃસિંહ અવતાર, રાક્ષસ.

(૩) ખ = આકાશ, સ્વર્ગ, જ્ઞાનેન્દ્રિય, ખેતર, શૂન્ય, બિન્દુ, ઘાવ, પ્રસન્નતા, કર્મ, જ્ઞાન, બ્રહ્મા, ગ્રહ, રાહુ.

(૪) ગ = ગંધર્વ, ગણેશ, ગાયન, દીર્ઘ માત્રા, ગતિ.

(૫) ઘ = ઘંટડી, ખડખડાટ, ગગડાટ

(૬) ચ = ચંદ્ર, કાચબો, ચોર અને

(૭) છ = અંશ, ખંડ

(૮) જ = પિતા, ઉત્પત્તિ, જન્મ, વિષ, ભૂત, પ્રેત

(૯) જ્ઞ = જાણકાર, બુદ્ધિશાળી, વિદ્વાન, આત્મા, બુધ, મંગળ, બ્રહ્મા.

(૧૦) ઝ = સમય પસાર કરવો, ઝંઝાવાત, બૃહસ્પતિ.

(૧૧) ઠ = વાસણ પડવાનો અનુકરણવાળો અવાજ

(૧૨) ડી = ઊડવું, આકાશમાં પસાર થવું, જવું.

(૧૩) તુ = પરંતુ, તો પણ, બીજી બાજું, (૧૪) થ = રક્ષા, ત્રાસ, ભય, કલ્યાણ

(૧૫) દ = દાન, ભેટ, પર્વત, ગર્મી, પશ્ચાતાપ

(૧૬) ધ = બ્રહ્મા, કુબેર, ધારણ કરનાર, ભલાઈ, આચાર્ય, ગુણ, સંપત્તિ

(૧૭) ન = પાતળું, નકામું, ખાલી, જોડાયેલું, એ જ, મોતી, ગણેશ, સંપત્તિ, મંડળ, યુદ્ધ, નહિ, સમરૂપ.

(૧૮) પ = પીનારો, પાલન

(૧૯) ફૂં = ફૂંક મારવી, ફૂંફાડો, ચીસ પાડવી, ચિત્કાર.

(૨૦) બ્રૂ = કહેવું, વાત કરવી, સંકેત કરવો, જાહેરાત કરવી, જવાબ આપવો

(૨૧) ભ = શુક્ર, ભ્રમ, નક્ષત્ર, ગ્રહ, રાશિ, મધમાખી.

(૨૨) મ = બ્રહ્મા, શિવ, વિષ્ણુ, યમ, ચંદ્ર, કાળ, વિષ, પાણી, પ્રસન્નતા, કલ્યાણ. (૨૩) ય = ગતિશીલ, જનારો, ગાડી, હવા, વાયુ, મિલાપ, યશ, જવ. (૨૪) ર = અગ્નિ, ગર્મી, પ્રેમ, ઈચ્છા, ગતિ, ચાલવું.

(૨૫) લ = લઘુમાત્રા, ઈન્દ્ર.

(૨૬) વ = વાયુ, હવા, હાથ, વરુણ, સમાધાન, કલ્યાણ, નિવાસ, સમુદ્ર, વાઘ, કપડું, રાહુ, સંબોધન કરવું.

(૨૭) શ = કાપવા વાળો, વિનાશ કરનારો, શસ્ત્ર, આનંદ, શિવ.

(૨૮) ષ = સર્વોત્તમ, હાનિ, વિનાશ, અંત, શેષ, મોક્ષ.

(૨૯) સ = સર્પ, વાયુ, હવા, પક્ષી, શિવ, વિષ્ણુ, સંગીતના સ્વર ષડ્જનું સક્ષિપ્ત રૂપ.

(૩૦) હ = શિવ, પાણી, લોહી, આકાશ

સંસ્કૃતના આ શબ્દો ગુજરાતી માટે કદાચ અજાણ્યા હશે; પરંતુ ગુજરાતીના કેટલાય શબ્દોમાં આ એકાક્ષરી શબ્દો છે. જેમ કે - ખગ, વિમાન, નૃપ, પાદપ, દ્વિરેફ, યાન, શંકર, વરદ્, ગોપાલ, પંકજ, નર,જય, નગ.

અહીં જે આપ્યાં છે એ પ્રત્યેક વર્ણના કક્કાવારી પ્રમાણે એક એક ઉદાહરણ જ આપ્યા છે. એકાક્ષરી શબ્દો ભાષા વૈભવનો સરસ પુરાવો છે.

# 'ધ લાસ્ટ સપર' અને 'મોનાલીસા' ચિત્રોના સર્જક કોણ હતા?

## વિશ્વનો ઈતિહાસ

(૧) વિશ્વમાં નવજાગૃતિનો પ્રારંભ સૌ પ્રથમ કયા સ્થળે થયો હતો ?
(અ) ફલોરેન્સ (ઈટલી) (બ) પેરિસ (ફ્રાન્સ)
(ક) જિનીવા (સ્વિત્ઝર્લેન્ડ) (ડ) લંડન (બ્રિટન)

(૨) આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક ચિંતક મેક્યાવલી કયા દેશના વતની હતી ?
(અ) જર્મની (બ) ફ્રાન્સ
(ક) બેલ્જિયમ (ડ) ઈટલી

(૩) 'ધ લાસ્ટ સપર' અને 'મોનાલીસા' ચિત્રોના સર્જક કોણ હતા?
(અ) માઈકલ એન્જેલો (બ) લિયોનાર્ડો - દ - વિંચી
(ક) રાફેલ (ડ) જહો વિકલિફ

(૪) 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં' આ સૂત્ર કઈ ક્રાંતિનું છે ?
(અ) ફ્રાન્સ ક્રાંતિ (બ) અમેરીકન ક્રાંતિ
(ક) રશિયન ક્રાંતિ (ડ) જર્મન ક્રાંતિ

(૫) નીચેનામાંથી કયા મહાનુભાવ ફ્રાંસ ક્રાંતિ સાથે સંકળાયેલ નથી ?
(અ) વોલ્તેર (બ) મોન્તેસ્ક
(ક) રૂસો (ડ) મેકયાવલી

(૬) 'કાનૂનનો આત્મા' પુસ્તકના લેખક કોણ છે ?
(અ) મોન્તેસ્ક (બ) રૂસો
(ક) માર્ટિન લ્યૂથર કિંગ (ડ) જહોન વિકલિફ

(૭) ધર્મ સુધારણા આંદોલનના 'પ્રભાતના તારા' તરીકે કોણ ઓળખાય છે ?
(અ) રાફેલ (બ) મેક્યાવલી
(ક) જહોન વિકલિપ (ડ) રૂસો

(૮) 'દુનિયાના કામદારો સંગઠિત થાય' આ સૂત્ર કોણે આપ્યું હતું?
(અ) રોબર્ટ ઓવન (બ) કાર્લ માર્ક્સ
(ક) બિસ્માર્ક (ડ) સ્ટાલિન

(૯) રશિયાના રાજવી શાસકો કયા નામે ઓળખાતા હતા?
(અ) પોશ (બ) રોની
(ક) ઝાર (ડ) સ્કોટી

(૧૦) પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન 'યુદ્ધનો અંત લાવો' આ સૂત્ર કોનું હતું ?
(અ) લેનિન (બ) સ્ટાલિન
(ક) નેપોલિયન (ડ) મુસોલિન

(૧૧) ઈંગ્લેન્ડમાં થયેલ ગૃહયુદ્ધમાં રાજા વિરોધી દળની આગેવાની કોણે લીધી હતી?
(અ) જેમ્સ દ્વિતીય (બ) વિસ્ટન ચર્ચિલ
(ક) ઑલિવર ક્રોમવેલ (ડ) ફ્રેન્કલીન

(૧૨) હિટલર જર્મનીના વડાપ્રધાન કયારે બન્યા?
(અ) ૧૯૩૦ (બ) ૧૯૩૩
(ક) ૧૯૩૯ (ડ) ૧૯૪૫

(૧૩) જર્મનીમાં નાઝી પક્ષની સ્થાપના કોણે કરી હતી?
(અ) મુસોલીન (બ) હિટલરે
(ક) વુડરો વિલ્સન (ડ) વર્સેલ્સ

(૧૪) પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ શું હતું ?
(અ) હિટલરની તાનાશાહી (બ) ફ્રાન્સિસ ફર્ડિનાન્ડની હત્યા
(ક) ફ્રાન્સ ક્રાંતિ (ડ) પશ્ચિમ અને પૂર્વ જર્મનીનો ઝઘડો

(૧૫) ચીની સામ્યવાદી ગણતંત્રનો પ્રથમ અધ્યક્ષ કોણ હતા?
(અ) માઓત્સે - તુંગ (બ) ડૉ. સુનાયત સેન
(ક) હ્યુયેન સંગ (ડ) માઓ તાંગે



**ખજાનો**
અનિલ પટેલ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૩ જાન્યુ. ૧૮૫૮ : ઓસ્કર મિન્કોવન્કી :** જર્મન ફીઝીઓલોજીસ્ટ અને પેથોલોજીસ્ટ, ડાયાબિટીસ રોગ પર સંશોધન કરનાર
- **૧૩ જાન્યુ. ૧૮૪૫ : ફેલીક્ષ ટિસેરેન્ડ :** ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી, ૧૯૭૪માં શુક્રના અતિક્રમણ અંગે સંશોધન કરવા જાપાન ગયા.
- **૧૪ જાન્યુ. ૧૮૬૧ : ડેવિડ વેસન :** અમેરીકન કેમીસ્ટ, વેસન ઑઈલ બનાવનાર, કપાસના તેલને અતિશુદ્ધ બનાવવાની ટેકનિક આપનાર
- **૧૪ જાન્યુ. ૧૮૦૬ : મેથ્યુ ફોન્ટેઈન મ્યુરી :** અમેરીકન નેવી ઑફિસર તથા સમુદ્રશાસ્ત્રી તથા હાઈડ્રોગ્રાફર. દરિયાનો પદ્ધતિસરનો અભ્યાસ શરૂ કરનાર
- **૧૫ જાન્યુ. ૧૯૬૧ : હેનરી લિવીંગસ્ટન સુલમાન :** બ્રિટીશ મટીરીયોલોજીસ્ટ. ધાતુઓના શુદ્ધિકરણ અંગે તથા મિશ્રધાતુઓનો ઉપયોગ અંગે સંશોધન કરનાર
- **૧૫ જાન્યુ. ૧૮૯૧ : સોફિયા કોવાલેસ્ક્યા :** રશિયન ગણિતશાસ્ત્રી તથા મહિલા લેખિકા, 'થિયરી ઑપ ડેફીન્સીયલ ઈકવેશન' પર કામ કરનાર.
- **૧૬ જાન્યુ. ૧૮૫૩ : એન્ડ્રે મિશેલીન :** ફ્રેન્ચ ઉદ્યોગપતિ તથા સંશોદક ૧૮૮૮માં 'મિશેલીન ટાયર કંપની' ની શરુાત કરનાર.
- **૧૬ જાન્યુ. ૧૮૩૭ : એલન રૂશ્કેલ એમર્શન :** અમેરીકન એન્થોલોજીસ્ટ, 'નેટીવ અમેરીકન કલ્ચર' પર ઊંડાણથી અધ્યયન કરનાર
- **૧૭ જાન્યુ. ૧૮૩૭ : ફ્રેન્કોઈસ લેનોર્મન્ટ :** ફ્રેન્ચ એસીરીયોલોજીસ્ટ, 'અકાડીયન' ભાષા પર સંશોધન કરનાર, મેસોપોટેનીયમ સંસ્કૃતિ અને અકાડીયન ભાષાનો સેતુ વિશે સંશોધન કરનાર
- **૧૭ જાન્યુ. ૧૯૩૪ : અગસ્ટ વેઈસમાન :** જર્મન બાયોલોજીસ્ટ, જિનેટીક્સ સાયન્સના સ્થાપકોમાંના એક. 'જર્મ પ્લાઝમ' થિયરી આપનાર.
- **૧૮ જાન્યુ. ૧૮૭૩ : ગોર્ડન મેકજયોર્જર :** કેનેડીયન ઉદ્યોગપતિ, કેનેડામાં ફોર્ડ મોટર કંપની શરૂ કરનાર, હેનરી ફોર્ડ સાથે ઓટોમોબાઈલમાં સંશોધન કરનાર
- **૧૮ જાન્યુ. ૧૮૬૧ : હેલ્સ ગોલ્ડ સ્મીથ :** જર્મન રસાયણશાસ્ત્રી. 'એલ્યુમીનો - થર્મિક' પ્રોસેલ આપનાર વૈજ્ઞાનિક.
- **૧૯ જાન્યુ. ૧૮૫૧ : જેકોબ કોર્નેલીયસ કેપ્ટીન :** ડચ ખગોળશાસ્ત્રી, તારાઓના સ્થળાંતર અંગેના અભ્યાસ માટે ફોટોગ્રાફીનો ઉપયોગ કરનાર
- **૧૯ જાન્યુ. ૧૮૫૧ : ડેવિડ સ્ટાર જોર્ડન :** માછલીઓના જીવન અને વિકાસ અંગે ઊંડું સંશોધન કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : સુપ્રિમ કોર્ટના આદેશ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના કયા અધ્યક્ષને પદ પરથી હટાવવામાં આવ્યા? જવાબ : અનુરાગ ઠાકુર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : ઈન્ફોસીટી, જુ.સા.કૉલેજ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) ધાર્મિક. એસ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૭) હાર્દિક આર મકવાણા : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં બંગાળના કયા સંસદ સભ્યની ધરપકડથી મમતા બેનરજી નારાજ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ડ (૩) બ (૪) બ (૫) ડ (૬) અ (૭) ક (૮) બ (૯) ક
(૧૦) અ (૧૧) ક (૧૨) બ (૧૩) બ (૧૪) બ (૧૫) અ

# તાવના પહેલા જ દિવસે લોહી ટેસ્ટ કરવો જરૂરી છે



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ગરમી પડવાની શરૂઆત થઈ ગઈ હતી. સવારે ૬ વાગે સૂર્યોદય થઈ જતો. અને ૯ વાગ્યા સુધીમાં તો કાળજાળ ગરમી નો પ્રકોપ થઈ જતો. પશુ - પક્ષી અને માનવ જાત ગરમીથી ત્રાહીમામ ત્રાહીમામ પોકારી ગયા હતા. સવારના ૬ વાગે અભિષેક ભાઈ નહિ ધોઈને ભગવાનની પૂજા કરવા બેઠા હતા. તેમનું પૂજા માં બિલકુલ મન લાગતું ન હતું. અભિષેક ભાઈ એ તેમના પત્ની મનીષા બેનને બોલાવ્યા, અને કહ્યું મનીષા મારું મન ભગવાનમાં લાગતું નથી. બે વાર પેટ સાફ થયું, પાણી જેવા ઝાડા થય છે, ઉભી શું છે? મને જો તાવ છે? હાથ પગ પાણી પાણી થાય છે, માથું પણ દુખે છે. અભિષેક કાલે રાત્રે જે રીતે તું મંગલકાકાની ત્યાં ઝાપટતો હતો ત્યારે જ મને લાગ્યું કે કાલ સવારે કઈક તકલીફ પડસેજ. અભિષેક તાડૂક્યો, કાલ રાતની વાત રેવા દે, અત્યારની વાત કર ને. અત્યારે મારું કૈક કર નહિ તો હું હમણા જ ઉપર જતો રહીશ. મનીષાબેને ડોક્ટરને ઘરે આવવા માટે ફોન કર્યો. ડોક્ટર થોડીક જ મીનીટોમાં પોતાની ઈમર્જન્સી વાન લઈ ને આવી ગયા ડોક્ટર હાથી એ અભિષેક ભાઈને તપાસ્યા એમની પલ્સ (ધબકારા) વધારે હતા અને પાણી જેવા ઝાડા થયા હતા, પેટ એકદમ ટાઈટ થઈ ગયું હતું. ડોક્ટર હાથીએ થાર્મોમીટર બેગમાંથી કાઢ્યું ને અભિષેકની બગલમાં ડેટોલથી ધોઈને મુક્યું. ૧ મિનીટ પછી થાર્મોમીટરમાં એલારામ વાગ્યો. ડોકટરે અભિષેકભાઈની બગલમાંથી થાર્મોમીટર કાઢીને વાચ્યું. મનીષાબેન કુદયા. મારા અભિષેક ને શું થઈ ગયું છે ડોક્ટર? એની આખો ફાટી જાય છે સાવ લુસ થય ગયો છે. શરીર તાવથી ધગધગે છે. ડોક્ટર હાથી એ કહ્યું. જો મનીષાબેન તાવ છે, અશક્તિ છે, શરીરમાંથી ઝાડા વાટે પાણી નીકળી ગયું છે. છતાં ગભરાવાની જરૂર નથી. શરીર છે તો તાવ તો આવેજ ને, ધરતીકંપ થોડા થાય !! થોડા લોહીના ટેસ્ટ કરવા પડશે, ઝાડાનો ટેસ્ટ કરવો પડશે, પછી જ આપડે કોઈ નિદાન પર પહોચી શકીશું. લેબોરેટરીમાંથી એક છોકરો લોહી, પેશાબ અને ઝાડા લેવા આવ્યો. તાવમાં પણ અભીશેકભાઈ પોતાની દાદાગીરી છોડતા ન હતા. લેબોરેટરી માંથી આવેલા છોકરાને - તું કેટલું ભણેલો છે ? તેમ પૂછ્યું. છોકરા એ કહ્યું ગ્રેજ્યુએટ છું. અભિષેક ભાઈ એ પૂછ્યું - કયા વિષય માં ? છોકરા એ કહ્યું B.A. અભિષેકભાઈ બોલ્યા B.A. ?? છોકરા એ કહ્યું - હા સાહેબ. તો પછી મારે તને લોહી નથી આપવું. લેબોરેટરીમાંથી આવેલા છોકરા એ કહ્યું કેમ ? સાહેબ શું વાંધો આવ્યો. અભિષેક ભાઈ એ કહ્યું - તારી પાસે લોહી લેવાની કોઈ ડીગ્રી નથી. મને કઈ થાય તો કોની જવાબદારી ?? ના ભાઈ ના.. તું જા. છોકરો મંદ મંદ હાસ્ય કરતા બોલ્યો. મને સાહેબ આનંદ થયો કે ઘણા વખત પછી કોઈ એ મને પૂછ્યું છે કે તારી લોહી લેવાની લાયકાત શું ? વાત સાચી છે સાહેબ, તમારી વાત તદન સાચી છે. ઘણી બધી લેબોરેટરી વાળા, અરે અમદાવાદની સારી સારી લેબોરેટરી વાળા પણ ૧૦ મુ કે ૧૨ મુ ભણેલા છોકરાઓને લોહી લેવા મોકલી દે છે. હા આ છોકરાઓ રોજના ૫૦ કરતા પણ વધારે દર્દીઓ ને લોહી લેતા હોય છે એટલે એમને બહુજ સારી રીતે અને દુખાવો થયા વગર લોહી લઈ શકે તેવી કુશળતા હોય છે કદાચ એવું બને કે તમારા નામનો સ્પેલિંગ ખોટો લખે પણ લોહી બરોબર લે.પણ સાહેબ મારી પાસે આ સર્ટીફીકેટ છે કે જેને મેળવવા માટે એક ૧૫ દિવસ નો ટ્રેનીંગ પ્રોગ્રામ કર્યો હતો અને ૧૫ દિવસ પછી મારી પરીક્ષા લીધી હતી અને જેમે મને ૬૫ ટકા થી પણ વધારે માર્ક્સ મળ્યા હતા. ટ્રેનીંગ આપવા માટે અમદાવાદના જાણીતા હોશિયાર સીનીયર એવા પેથોલોજીસ્ટ સાહેબો એ મને ટ્રેનીંગ આપી હતી અને સર્ટીફીકેટ આપ્યું હતું અને લોહી લેવા માટેનો પરવાનો ધરાવું છું પણ સાહેબ તમે સારું છે પૂછ્યું પણ દરેક દર્દી એ આવું પૂછવું જરૂરી છે અને દરેક લેબ માંથી આવેલા વિસિટબોય પાસે આ સર્ટીફીકેટ હોવું બહુ જરૂરી છે આખરે અભિષેક ભાઈ એ ટ્રેનીંગ સર્ટીફીકેટ જોયા પછી અભિષેક ભાઈએ ફ્લેબોટોમીસ્ટ ને લોહી આપ્યું અને પાછા અભિષેકભાઈએ તેને કહ્યું કે અભિષેક ભાઈ લોહી ની સાથે પેસાબ અને ઝાડો પણ લેવાનો છે અભિષેક એ મો બગાડી ને ઝાડો અને પેસાબ આપ્યા સાંજે રીપોર્ટ આવ્યો જેમ લોહીનું રીપોર્ટ,ઝાડા નો રીપોર્ટ અને પેશાબનો રીપોર્ટ તદન નોર્મલ હતો.ડોક્ટર હાથીએ અભિષેક ભાઈ ને કહ્યું કે રીપોર્ટ બધા સારા છે અને નોર્મલ છે અભિષેકભાઈ બોલ્યા જો બધા નોર્મલ હોય તો આ ૧૦૩ તાવ અને ૧૦ વખત ઝાડા શેના? ડૉક્ટર હાથી બોલ્યા અભિષેક ભાઈ બે દિવસ પછી આપડે લોહીનો ફરી રીપોર્ટ કરાવશું અને જો એ પણ નોર્મલ આવશે તો ૬ દિવસ પછી લોહીમાં ટાઈફોઈડનો ટેસ્ટ કરાવશું. ડોક્ટર હાથી બોલ્યા કે તાવના કેશમાં લોહી ટેસ્ટ ઉપર જ આધાર રહેલો છે જેટલી દર્દીની ફરિયાદ એની હિસ્ટ્રી અગત્યની એના કરતા પણ લોહીનો રીપોર્ટ અગત્ય નો છે લોહીના રીપોર્ટ પરથી જ તાવ ક્યાં પ્રકારનો હશે તેનું અનુમાન કરી શકાય છે અને એને સાબિત કરવા માટે એને લગતા વધારે લોહી ટેસ્ટ કરી દર્દીને કયો રોગ છે તેનું નિદાન થઈ શકે છે લોહી ટેસ્ટ માં અમુક ચેક પોઈન્ટ રહેલા છે દા.ત મેલેરિયા ના ટેસ્ટ માટે કોઈ પણ દવા આપતા પહેલા મેલેરિયા નો ટેસ્ટ માટે નો નમુનો લેવો જરૂરી છે આમ તેમ કરવાથી લગભગ ૯૫ થી ૯૮ ટકા માં જો મેલેરિયા હોય તો પોસિટીવ મેલેરિયા આવીજ

અનુસંધાન પાના નં. ૭ પર